# રાહુલ ગાંધી આજથી ૩ દિવસની ગુજરાત મુલાકાતે

## ત્રણ દિવસમાં રાહુલ ગાંધી કુલ ૪૫૦ કિલોમીટરનો પ્રવાસ ખેડશે : નોટબંધી અને જીએસટીને લઇ વડાપ્રધાન મોદી-ભાજપ સરકાર પર તીવ્ર પ્રહાર કરશે




અમદાવાદ,તા.૩૧ ગુજરાતના ચૂંટણી પ્રવાસ બાદ હવે દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસ માટે રાહુલ ગાંધી આવતીકાલે તા.૧લી નવેમ્બરે ફરી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. રાહુલ ગાંધી તેમના દક્ષિણ ગુજરાતના પ્રવાસની શરૂઆત ભરૂચ જિલ્લાના જંબુસર ખાતેથી કરવાના છે. તો, પારિદામાં રોડ-શો યોજશે. આ સિવાય વ્યારાથી ડોલવણ સુધી પણ રાહુલ ગાંધી વિશાળ રોડ-શો યોજી લોકોની વચ્ચે રહેશે. નવસારી અને સુરતમાં પણ રાહુલ ગાંધીની વિશાળ જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસ દરમ્યાન રાહુલ ગાંધી લોકો સાથે સીધો સંવાદ યોજશે અને ખાસ કરીને મહિલાઓ, ખેડૂતો અને બેરોજગાર યુવાનોની વ્યથા સાંભળશે.કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી તા.૧થી ૩ નવેમ્બર દરમ્યાન દક્ષિણ ગુજરાતના તેમના ત્રીજા તબક્કાના ચૂંટણી પ્રવાસમાં ભરૂચ, તાપી, નવસારી, વલસાડ, સુરત સહિતના જિલ્લાઓમાં ૪૫૦ કિલોમીટરથી વધુનો પ્રવાસ ખેડશે. ભરૂચ જિલ્લાના જંબુસર ખાતેથી આવતીકાલે રાહુલ ગાંધી પોતાના ચૂંટણી પ્રવાસની શરૂઆત કરશે.

જ્યાં સવારે ૧૧ વાગ્યે સીટી ગ્રાઉન્ડ ખાતે સ્થાનિક લોકો સાથે કોર્નર મીટીંગ યોજશે. ૧૧-૫૦એ આમોદ ખાતે રાહુલ ગાંધીનું ભવ્ય સ્વાગત કરાશે, ૧૨-૩૫ મિનિટે વાગરા વિધાનસભા વિસ્તારમાં દાયદરા ખાતે અસરગ્રસ્ત ખેડૂતો સાથે જમીન સંપાદન મુદ્દે ચર્ચા કરશે, ૨-૦૦ વાગ્યે જંબુસર ચોકડી ખાત અને ૨-૪૦ મિનિટે પાંચ બત્તી ખાતે સ્વાગત કાર્યક્રમ, ૩-૪૫એ અંકલેશ્વરની વાલિયા ચોકડી ખાતે કોર્નર મીટીંગ, ૫-૩૦એ ઝંખવાવ ખાતે કોર્નર મીટીંગ, ૬-૩૦એ માંડવી બસ સ્ટેન્ડ ખાતે કોર્નર મીટીંગ, ૭-૨૫એ સુરતના મહુવા વિધાનસભા મતક્ષેત્રમાં મઢી ખાતે સ્વાગત અને રાત્રે તાપી જિલ્લાના વ્યારા ખાતે રાહુલ રાત્રિ રોકાણ કરશે. બાકીના બે દિવસ દરમ્યાન રાહુલ ગાંધી તેમના નિયત કાર્યક્રમો મુજબ, કોંગ્રેસ તરફી લોકજુવાળ ઉભો કરશે. રાહુલ ગાંધીના સૌરાષ્ટ્ર ઝોન અને મધ્ય ઝોનના ચૂંટણી પ્રવાસની જબરદસ્ત સફળતા અને સાંપડેલા અભૂતપૂર્વ લોકસમર્થન બાદ ગુજરાત કોંગ્રેસમાં જોરદાર ઉત્સાહ અને ઉર્જાનો સંચાર થયો છે અને તેથી હવે રાહુલના દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસને સફળ બનાવવા તેમના ખાસ રોડ-શો, જાહેરસભા અને લોકસંવાદ કાર્યક્રમોનું કોંગ્રેસ દ્વારા આયોજન કરાયું છે.



સુરતના પાટીદારોના ગઢ ગણાતા એવા પૂર્વ વિસ્તારમાં રાહુલ ગાંધી વિશાળ જાહેરસભા સંબોધશે. આ સિવાય રોડ-શો, લોકસંવાદ અને રૂબરૂ માલાકાત દ્વારા તેઓ પ્રજાની વચ્ચે રહી

# ૧૯૯૫ના ઈલેક્શનમાં વિક્રમી ૨૫૪૫ ઉમેદવારો: ૫૫ વર્ષમાં આટલી મોટી સંખ્યા કદી થઈ નથી

ગુજરાત એ ઉત્તરપ્રદેશ કે બિહાર નથી. આ બન્ને પ્રદેશોમાં જ્યારે ચૂંટણી આવે છે ત્યારે ઢગલાબંધ રાજકીય પાર્ટીઓ અને નેતાઓ ફુટી નિકળે છે. ભારતના ચૂંટણી પંચના રેકોર્ડમાં ૧૯૦૦થી વધુ રાજકીય પાર્ટીઓ છે જે પૈકી સૌથી વધુ ઉત્તરપ્રદેશમાં છે. મોટું રાજ્ય હોવાથી પાર્ટીઓ અને ઉમેદવારો વધુ જોવા મળે છે. ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની સૌથી વધુ ૪૦૪ બેઠકો છે.

**ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં અપક્ષોનું વર્ચસ્વ વધતું ગયું છે...**

ઉત્તર પ્રદેશ અને બિહાર વિધાનસભા ચૂંટણીઓમાંવધુમાં વધુ ઉમેદવારોથી ચૂંટણીનું મેદાન ભરાયેલું રહે છે, તેનાથી વિપરીત ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવારી ઓછી હોવાની સાથે હરીફાઈ ઓછી રહે છે. અહીં હંમેશાં બે મુખ્ય પક્ષો વચ્ચે જંગ થાય છે. ક્યારેક ત્રીજો મોરચો આવે છે પરંતુ ગુજરાતના મતદારો તેને યારી આપતા નથી. છેલ્લે ૧૯૯૦માં ચીમનભાઈ પટેલના જનતાદળ ગુજરાતમાં ૬૭ બેઠકો તેમને મળી હતી તે પછી ત્રીજા મોરચાને બે આંકડામાં બેઠકો થઈ નથી.




રાજ્યમાં ૧૯૬૨માં યોજાયેલી પહેલી વિધાનસભા ચૂંટણીથી લઈને અત્યાર સુધી ગુજરાતમાં મત વિસ્તારોમાં ક્યારેક જ ઉમેદવારોની વધુ ભીડ રહી છે. છેલ્લાં ૫૫ વર્ષથી અહીં પ્રત્યેક મત વિસ્તારમાં છથી સાત ઉમેદવારો વચ્ચે મુકાબલો થાય છે. પહેલી ચૂંટણીમાં કોઈ મોટો પ્રતિસ્પર્ધી ન હોવાને કારણે કોંગ્રેસને ૫૦.૮ ટકા વોટ મળ્યા હતા. એ સમયે રાજ્ય પરિષદ, સોશલિસ્ટ પાર્ટી અને જનસંઘ જ વિપક્ષમાં હતા. ૧૯૬૨ની ચૂંટણીમાં જનસંઘે માત્ર ૨૬ ઉમેદવાર જ ઉતાર્યા હતા અને તેને ૧.૪ ટકા વોટ મળ્યા હતા. એ ચૂંટણીમાં ત્રણે

**જો કે ઉત્તરપ્રદેશ અને બિહાર જેવી હાલત નથી...**

પક્ષોએ લગભગ ૧૩૦થી ૧૫૪ મત વિસ્તારોમાં જ ઉમેદવાર ઉતાર્યા હતા.

ઉમેદવારોની સંખ્યામાં ૧૯૯૦ અને ૧૯૯૫માં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં વધારો થયો હતો. ૧૯૯૦માં ૧,૮૯૯ ઉમેદવારો ચૂંટણી લડ્યા હતા, જ્યારે ૧૯૯૫માં ૨,૫૪૫ ઉમેદવાર મેદાનમાં ઊતર્યા હતા. ૧૯૯૦થી ૧૯૯૫ સુધી સત્તામાં રહેનારા જનતા દળને ૧૯૯૫ની ચૂંટણીમાં એક પણ બેઠક મળી નહોતી, આ જ કારણે ૧૧૫માંથી ૧૦૯ બેઠકો પર તેની જમાનત જપ્ત થઈ ગઈ હતી. ત્યાર બાદ રાજ્યમાં માત્ર બે મુખ્ય પક્ષો વચ્ચે જ મુકાબલો થતો રહ્યો છે.

હાલમાં જ ઉત્તર પ્રદેશમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ૩૭૩૬ ઉમેદવારો ચૂંટણી લડ્યા હતા. જ્યારે ૨૦૧૫ની બિહાર ચૂંટણીમાં ૨૯૩૫ ઉમેદવાર ઊતર્યા હતા. ૨૦૧૪માં યોજાયેલી આંધ્ર પ્રદેશની ચૂંટણીમાં ૩૯૧૦ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાઈ હતી. ગુજરાતમાં ઉત્તર પ્રદેશના ૪.૧૯ ટકા અને બિહારના ૫.૫૨ ટકા ઉમેદવારોની સરખામણીએ સરેરાશ બેઠક દીઠ ૨.૬ અપક્ષ ઉમેદવાર જ ઊતરે છે. ગત ચૂંટણીઓમાં કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટી અને બીએસપીએ તમામ ૧૮૨ બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા હતા.

**૧૯૬૨માં માત્ર ૫૦૦ ઉમેદવારો વચ્ચે સ્પર્ધા થઈ હતી...**

ગુજરાતમાં ૧૯૬૨ની પહેલી ચૂંટણીમાં માત્ર ૫૦૦ ઉમેદવારો હતા. ૧૯૬૭ની બીજી ચૂટણીમાં ૫૯૯ અને ૧૯૭૨ની ત્રીજી ચૂંટણીમાં ૮૫૨ ઉમેદવારો મેદાનમાં હતા. ૧૯૭૫ની ચોથી ચૂંટણીમાં પણ ૮૩૪ ઉમેદવારો મેદાનમાં હતા જ્યારે ૧૯૮૦ની ચૂંટણીમાં ઉમેદવારોની સંખ્યા ૯૭૪ થઈ હતી. આ ચૂંટણી પછી ઉમેદવારોની સંખ્યા ચાર અંકોમાં થઈ હતી. ૧૯૮૫માં ૧૧૩૭, ૧૯૯૦માં ૧૮૮૯, ૧૯૯૫માં ૨૫૪૫, ૧૯૯૮માં ૧૧૨૫, ૨૦૦૨માં ૯૬૩, ૨૦૦૭માં ૧૧૮૦ અને ૨૦૧૨માં ૧૬૬૬ ઉમેદવારો હતા. ૧૯૯૫માં અત્યાર સુધીનો વિક્રમી ઉમેદવારોનો વિક્રમ સ્થાપિત થયેલો છે.

# મહિલા ધારાસભ્યોની સંખ્યા ક્યારેય ૧૬થી વધી નથી

## ગુજરાતમાં ત્રણ વખત સંખ્યા ૧૬ નોંધાઈ છે : ગુજરાત વિધાનસભા સીટોમાં માત્ર નવ ટકા મહિલાઓ છે : મહિલા પ્રતિનિધિત્વ મામલે બિહાર દેશમાં ટોપ પર

અમદાવાદ, તા ૩૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે રણશિંગૂ ફુંકાઈ ચુક્યું છે ત્યારે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં હમેશા મહિલાઓની પણ હમેશા ભૂમિકા રહી છે. મહિલા મતદારો અને મહિલા ઉમેદવારો પણ તમામનું ધ્યાન દોરવામાં સફળ રહે છે. વર્ષ ૨૦૧૨ની ચૂંટણીમાં કુલ ૬૧ મહિલા ઉમેદવારો એકંદરે મેદાનમાં ઉતર્યા હતા. જે પૈકી ભાજપ તરફથી ૧૯ મહિલાઓને ટિકિટ આપવામાં આવી હતી જે પૈકી ૧૨ની જીત થઈ હતી અને તેમની સફળતાની ટકાવારી ૬૩.૧૬ ટકા રહી હતી. આવી જ રીતે કોંગ્રેસ તરફથી છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં ૧૨ મહિલાઓને ટિકિટ આપવામાં આવી હતી જે પૈકી ચાર મહિલાઓ ચૂંટાઈ આવવામાં સફળ રહી હતી. સફળતાની ટકાવારી ૩૩.૩૩ ટકા રહી હતી. ગુજરાત વિધાનસભામાં મહિલા ધારાસભ્યોની વાત કરવામાં આવે તો વર્ષ ૧૯૬૦માં મહિલા ધારાસભ્યની સંખ્યા ૧૨ રહી હતી જ્યારે ૨૦૧૨માં મહિલા ધારાસભ્યોની સંખ્યા ૧૬ નોંધાઈ હતી. છેલ્લા એક દશકમાં ગુજરાત કેબિનેટમાં એક માત્ર મહિલા કેબિનેટ મંત્રી આનંદીબેન પટેલ નજરે પડ્યા છે. નરેન્દ્ર મોદી સરકારમાં આનંદીબેન કેબિનેટ મંત્રી હતા. પટેલ સમુદાય ગુજરાતમાં ખુબ જ પ્રભાવશાળી છે અને તેમની ભૂમિકા ચૂંટણીમાં નિર્ણાયક રહી છે. આનંદીબેન પટેલ મોડેથી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા. જ્યારે નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બન્યા ત્યારે આનંદીબેન મુખ્યમંત્રી બન્યા હતા. માયાબેન કોડનાની મહિલા અને બાળ વિકાસ મંત્રી તરીકે જવાબદારી સંભાળી ચુક્યા છે. જ્યોતિબેન ત્રિવેદી અને નિર્મલા વધવાણી પણ મહિલા પ્રધાન તરીકે રહી ચુક્યા છે. ગુજરાત વિધાનસભાની સીટોમાં નવ ટકા સીટ મહિલાઓ ધરાવે છે. એક બાજુ સરકાર લોકસભા અને રાજ્ય વિધાનસભામાં આશરે ૩૩ ટકા

અનામતની વાત કરે છે ત્યારે મહિલાઓની ભૂમિકા હાલમાં ખુબ ઓછી રહી છે. રાજ્ય વિધાનસભામાં પ્રતિનિધિત્વની વાત આવે છે ત્યારે મહિલા ધારાસભ્યોની સંખ્યા ક્યારે પણ ૧૬થી વધારે થઈ નથી. જે કુલ સંખ્યાબળના નવ ટકાથી ઓછા તરીકે છે. ગુજરાત વિધાનસભામાં ૨૦૧૨, ૨૦૦૭ અને ૧૯૮૫માં ત્રણ વખત ૧૬ મહિલાઓ ધારાસભ્ય જોવા મળી ચુકી છે. ૩૩ ટકા અનામતની વાત થઈ રહી છે ત્યારે આ સંખ્યા નહીવત સમાન છે.

બીજી બાજુ જાતિ આધારિત ગણતરી મતની દ્રષ્ટિએ કરવામાં આવે તો ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં મહિલા મતદાનની ટકાવારી પણ સામાન્યરીતે પુરુષોની સરખામણીમાં ઓછી રહી છે.

**મહિલા ધારાસભ્યોની વર્ષવાર સંખ્યા**

| વર્ષ | મહિલા ધારાસભ્યો |
|---|---|
| ૧૯૬૦ | ૧૨ |
| ૧૯૬૨ | ૧૫ |
| ૧૯૬૭ | ૦૮ |
| ૧૯૭૨ | ૦૮ |
| ૧૯૭૫ | ૦૩ |
| ૧૯૮૦ | ૦૬ |
| ૧૯૮૫ | ૧૬ |
| ૧૯૯૦ | ૦૪ |
| ૧૯૯૫ | ૦૩ |
| ૧૯૯૮ | ૦૫ |
| ૨૦૦૨ | ૧૨ |
| ૨૦૦૭ | ૧૬ |
| ૨૦૧૨ | ૧૬ |

# પ્રજાનો કોંગી તરફી ઝોક જોઈ ભાજપ રઘવાયું થયું : ભરતસિંહ સોલંકી

## હાર્દિક-જીગ્નેશ મેવાણી કોંગ્રેસની પડખે રહેશે : ભાજપ ગમે તે કરે પણ આ વખતે વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો ૧૨૫થી વધુ બેઠકો સાથેનો ભવ્ય વિજય નક્કી

અમદાવાદ, તા.૩૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આજે વડોદરા ખાતે સરદાર પટેલ જયંતિ નિમિતે સરદાર વલ્લભભાઈ પટેલને શ્રધ્ધાંજલિ અને સ્વ. ઈન્દિરા ગાંધીને સ્મરણાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ભરતસિંહ સોલંકીએ ભાજપ પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતની પ્રજાએ આ વખતે કોંગ્રેસને સત્તા સોંપવાનું મન બનાવી લીધુ છે. ગુજરાતની પ્રજાનો કોંગ્રેસ તરફી ઝોક જોઈને ભાજપ રઘવાયુ બન્યું છે. આ વખતે ભાજપ ગમે તે કરે પણ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો ૧૨૫થી વધુ બેઠકો સાથેનો ભવ્ય વિજય નક્કી છે. દરમ્યાન ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોતે પણ ભાજપ પર ચાબખા વરસાવતાં જણાવ્યું હતું કે, ભાજપના ૨૨ વર્ષના કુશાસનનો આ વખતે અંત આવશે. હાર્દિક પટેલ અને જીગ્નેશ મેવાણી જેવા યુવા નેતાઓ આ વખતે કોંગ્રેસની પડખે ઉભા રહેશે એવો આશાવાદ પણ તેમણે વ્યકત કર્યો હતો. વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિતે સયાજીગંજ ડેરીડેન ખાતે મોટર સાઈકલ રેલીનું આયોજન કરાયું હતું. આ રેલીને ફલેગ ઓફ મારફતે પ્રસ્થાન કરાવી રાજનીતિ રમતુ આવ્યું છે. કોંગ્રેસ સરદાર પટેલની એકતા અને અખંડિતતાની વિચારધારામાં માનવાવાળો પક્ષ છે. દરમ્યાન



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે દેશને સરદાર વલ્લભભાઈ પટેલ અને સ્વ. ઈન્દિરા ગાંધી જેવા મહાન નેતાઓ આપ્યા છે, આજે પણ કોંગ્રેસ તેમની વિચારધારાથી આગળ વધી રહી છે, જયારે ભાજપે એવા કોઈ નેતાની ભેટ નથી આપી કે જેને દેશવાસીઓ યાદ કરતા હોય. સરદાર પટેલ અમારા છે એવો દેખાડો કરી ભાજપ રાજકારણ રમી રહ્યું છે. ભાજપનો જન્મ થયો ત્યારથી તે જાતિવાદ અને ધર્મવાદની સોલંકીએ આવતીકાલથી દક્ષિણ ગુજરાતના ત્રણ દિવસના ચૂંટણી પ્રવાસે આવી રહેલા રાહુલ ગાંધીની મુલાકાત અંગે જણાવ્યું કે, હાર્દિક પટેલ સાથે વાટાઘાટો ચાલી રહી છે, રાહુલ ગાંધી સાથે તેમની મુલાકાત શકય છે. તેમણે ઉમેર્યુ કે, હાર્દિક પટેલ, જીગ્નેશ મેવાણી જેવા નેતાઓ ભાજપમાં જવા તૈયાર નથી કારણ કે, ભાજપના નેતા અમિત શાહને રિમોટ કંટ્રોલથી ચાલતા નેતાઓ જોઈએ છે, જે આ યુવા નેતાઓને માન્ય નથી.

# ગુજરાત નવનિર્માણ દ્વારા મતદાર જાગૃતિ અભિયાન

## વિકાસના પોકળ દાવાની લોકોમાં પોલ ખોલાશે : જિલ્લા-તાલુકા કક્ષાએ પ્રજા વચ્ચે જઇ તેઓને જાગૃત કરાશે

અમદાવાદ,તા. ૩૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે, તેમ તેમ ગુજરાતના રાજકારણમાં રોજ એક વધુ ઘટનાક્રમ સર્જાય છે. ગુજરાત નવનિર્માણ વિકાસમંચ નામની સ્વૈચ્છિક સંસ્થા હવે ગુજરાતના લોકોને જાગૃત કરવા મતદાર જાગૃતિ અભિયાન છેડવાની જાહેરાત સાથે સામે આવી છે. ગુજરાત નવનિર્માણ વિકાસ મંચના હોદ્દેદારો અને કાર્યકરો આગામી દિવસોમાં રાજયભરમાં જિલ્લા-તાલુકા કક્ષાએ પ્રજા વચ્ચે જઈ તેઓને જાગૃત કરશે અને વિધાનસભા ચૂંટણીમાં સૂઝબુઝ વાપરી યોગ્ય પક્ષ અને ઉમેદવારોને જ મત આપવા તેઓને સમજાવશે. આ સમગ્ર મામલે જરૂર પડયે જાહેર સંમેલનો, કાર્યક્રમો અને આંદોલનો પણ યોજવામાં આવશે એમ ગુજરાત નવનિર્માણ વિકાસ મંચના પ્રમુખ પ્રમોદ પંડયા અને સેક્રેટરી વસંતભાઈ પરમારે જણાવ્યું હતું. ગુજરાત નવનિર્માણ વિકાસ મંચ દ્વારા ભાજપ સરકારને સળગતા ૧૮ જેટલા વેધક સવાલો પૂછી તેના સરકાર પાસેથી જવાબો માંગવામાં આવ્યા છે. ગુજરાત નવનિર્માણ વિકાસ મંચના પ્રમુખ પ્રમોદ પંડયા અને સેક્રેટરી વસંતભાઈ પરમારે જણાવ્યું હતું કે, જો સરકાર તરફથી આ સવાલોના જવાબ નહી અપાય તો, આગામી દિવસોમાં અમે લોકોની વચ્ચે જઈ પ્રજાને જાગૃત કરીશું અને ભાજપ સરકારના વિકાસના પોકળ દાવાઓની પોલ ખોલીશું. ભાજપે વિકાસના નામે કરોડો રૂપિયાના તાયફા કર્યા સિવાય બીજું કશું કર્યું નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિકાસપુત્ર હોવાનો દાવો કરે છે પરંતુ વિકાસ જેવું કંઈ થયુ નથી.

# સમાજને અન્યાય કરાશે તો કોંગ્રેસને સહન કરવું પડશે

અમદાવાદ,તા.૩૧

કોંગ્રેસ પક્ષ રાજયમાં સત્તા પરિવર્તન ઈચ્છતુ હોય તો વિશ્વકર્મા સમાજના પ્રતિનિધિત્વને પણ ટિકિટ

**વિશ્વકર્મા નવરત્ન કારીગર મહામંડળની સાફ વાત :કોંગ્રેસ રાજ્યમાં સત્તા પરિવર્તન ઇચ્છતુ હોય તો વિશ્વકર્મા સમાજને ટિકિટ વહેંચણીમાં યોગ્ય સ્થાન જ આપવુ પડશે**

વહેંચણીમાં ઉચિત સ્થાન આપવું જોઈએ. જો કોંગ્રેસ વિશ્વકર્મા સમાજને અન્યાય કરશે તો, આગામી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને સહન કરવું પડશે એમ અત્રે ગુજરાત વિશ્વકર્મા નવરત્ન કારીગર મહામંડળના કન્વીનર ગોવિંદભાઈ જાદવે સાફ શબ્દોમાં જણાવ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, તાજેતરમાં કોંગ્રેસે ઓબીસી એકતા સંગઠનના અલ્પેશ ઠાકોર સાથે સમાધાન કરી સમગ્ર ઓબીસી વર્ગ વતી ટિકિટ વહેંચણીની ગતિવિધિ હાથ ધરી છે પરંતુ તે યોગ્ય નથી કારણ કે, વિશ્વકર્મા સમાજનું નેતૃત્વ ભિન્ન છે. ગુજરાત વિશ્વકર્મા નવરત્ન કારીગર મહામંડળના કન્વીનર ગોવિંદભાઈ જાદવે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત વિશ્વકર્મા નવરત્ન કારીગર મહામંડળ દરજી, સુથાર, લુહાર, કડિયા, કુંભાર, માળી, મોચી, પંચાલ, ધોબી, નાંઈ, પ્રજાપતિ, વાળંદ, ઓડ, સોની, કંસારા, સલાટ, સોમપુરા જેવા સર્જનહાર વિશ્વકર્માની જ્ઞાતિઓ અલ્પેશ ઠાકોરને ઓબીસી નેતા તરીકે સહેજેય સ્વીકારતી નથી, તેઓ ઠાકોર સમાજના નેતા છે, વિશ્વકર્મા સમાજના અનેક આગેવાનો છે, જે કોંગ્રેસની નીતિઓ સાથે વર્ષોથી પ્રતિબધ્ધ છે. ગુજરાતમાં વિશ્વકર્મા જ્ઞાતિ સમૂહની વસ્તી ૧૨થી ૧૩ ટકા જેટલી થાય છે. જેનું ગુજરાતના નવસર્જનમાં રાજયના ટેકનીકલ ક્ષેત્ર સહિત નિર્માણ ક્ષેત્રમાં વ્યાપક પ્રદાન રહેલું છે., તેમછતાં રાજકીય પ્રતિનિધિત્વમાં સમમાજને ભારોભાર અન્યાય થઈ રહ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, વિશ્વકર્મા સમાજની ઉપરોકત હકીકતોને કોંગ્રેસે ગંભરતાથી લેવી પડશે. ગુજરાતનો સમગ્ર વિશ્વકર્મા સમાજ કોંગ્રેસને રાજયમાં સત્તા પરિવર્તનની ઝુંબેશમાં બળ પૂરવા માંગે છે પરંતુ અમારા પ્રતિનિધિત્વને પણ સ્થાન મળે તે જરૂરી છે. તો જ કોંગ્રેસ વિધાનસભા ચૂંટણીઓમાં જીતી શકે તેમ છે, અન્યથા કોંગ્રેસની બેઠકોની વહેંચણી બુમરેંગ સાબિત થઈ શકે છે.

# રાજયમાં અમિત શાહની ચોથીથી આક્રમક પ્રચાર ઝુંબેશ



**ઝંઝાવતી પ્રચાર કરીને કોંગ્રેસમાં હતાશા ફેલાવવા તૈયારી ગાંધીધામથી પ્રવાસ શરૂ કરશે : બે તબક્કામાં યાત્રા રહેશે**

અમદાવાદ, તા.૩૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમ છે ત્યારે હવે દિગ્ગજો મેદાનમાં ઉતરી રહ્યા છે. ભાજપ પ્રમુખ અમિત શાહ પણ મોરચા સંભાળી લેવા માટેની તૈયારી કરી ચુક્યા છે. અમિત શાહ દ્વારા ભાજપને જીત અપાવવાના ઈરાદાથી જુદા જુદા આયોજન પણ થઈ રહ્યા છે. આના ભાગરુપે અમિત શાહ હવે ચોથી નવેમ્બરે ગુજરાત પહોંચી રહ્યા છે. તેમની આ યાત્રા દરમિયાન અનેક કાર્યક્રમ અને તૈયારીઓને અંતિમ ઓપ અપાશે. સાથે સાથે કોંગ્રેસ પાર્ટીના આયોજનમાં ગાબડા પાડવાની રણનીતિ પણ ઘડવામાં આવશે. રાજય વિધાનસભાની સામાન્ય ચૂંટણી જાહેર થઈ ગઈ છે દરમિયાન ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૧૫૦ થી વધુ બેઠકો મળે એ માટેનો સંકલ્પ પુરો થાય એ હેતુથી ૪ નવેમ્બર અને પાંચ નવેમ્બર એમ બે દિવસ અને ત્યારબાદ ૭ થી ૯ નવેમ્બર દરમિયાન રાજયના વિવિધ જિલ્લાઓનો પ્રવાસ કરી કાર્યકરોને માર્ગદર્શન આપશે.આ અંગે મળતી માહિતી અનુસાર,ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ૪ નવેમ્બરે ગાંધીધામ કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, ભાવનગર શહેર, ભાવનગર જિલ્લો, બોટાદ, અમરેલી ઉપરાંત અમદાવાદની મુલાકાત લઈને કાર્યકરો અને હોદ્દેદારોનો સંપર્ક કરી તેમની સાથે વાર્તાલાપ કરી ૧૫૦ થી વધુ બેઠકો જીતવા અંગે માર્ગદર્શન આપશે. આ સાથે પાંચ નવેમ્બરના રોજ વલસાડ, નવસારી, ડાંગ, પંચમહાલ, દાહોદ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની મુલાકાત લઈને કાર્યકરોને માર્ગદર્શન આપશે.બીજા તબકકામા તેઓ ૭ નવેમ્બરે આવી પહોંચશે.જ્યાં ૭મીએ રાજકોટ શહેર,રાજકોટ જિલ્લો,સુરત શહેરના કાર્યકરોને સંબોધશે. ૮મીના રોજ જુનાગઢ શહેર, જિલ્લો, પોરબંદર, ગીર સોમનાથ, ભરૂચ, ખેડા, મહીસાગર, સુરત જિલ્લો અને તાપીની મુલાકાત લેશે.૯ નવેમ્બરના રોજ જામનગર શહેર, જિલ્લો, દેવભૂમિ દ્વારકા, વડોદરા શહેર, છોટાઉદેપુર અને વડોદરા જિલ્લાની મુલાકાત લેશે.